

પેપરમાં નર્મદા કેનાલનું હેડિંગ વાંચતાં જ વિચાર આવે કે કોઈક ગયું. ત્યાંથી પસાર થતાં બે મિનીટ ઉભા રહેવાનું મન પણ ન થાય. પરંતુ પ્રસ્તુત તસવીરમાં દેખાતું દૃશ્ય આપણી માન્યતા બદલી નાંખે એવું છે. શિયાળાની સવારે-સાંજે આવાં સુંદર દૃશ્યો અચૂક જોવા મળશે. સૂર્યાસ્તનાં સોનેરી કિરણોમાં તરતાં પક્ષીઓનો નઝારો અનેરો હોય છે. પરંતુ પક્ષીઓને ગળ્યો કે તળેલો ખાદ્ય પદાર્થ ન ખવડાવવા વિનંતી છે. પુણ્ય કરવાની ભાવનામાં અજાણપણે આપણે પક્ષીઓનાં મૃત્યુનું નિમિત્ત બનીએ છીએ અને પ્લાસ્ટિકની બેગો પણ ન નાંખવા નમ્ર અપીલ છે. જો આમ કરીશું તો પર્યાવરણ બચાવવા માટે કાંઈક કર્યાનો અહેસાસ જરૂર થશે. **(તસવીર : નિકુંજ પી વૈશ્યક)**

# પોશીનામાં બે જૂથો બાખડતા પથ્થરમારો કરાતા નાસભાગ

પોશીના, તા. ૩૧

પોશીનાના મુખ્ય બજારમાં શનિવારે બપોરના સુમારે સામાજિક લેવડ-દેવડ બાબતે ચંદ્રાણા અને ગંછાલી ગામના કેટલાક લોકો વચ્ચે ઝઘડો થયો હતો. જેના કારણે મામલો બિચકતા તે મારા મારી અને પથ્થરમારા સુધી પહોંચી ગયો હતો. જેને લીને પોશીના મુખ્ય બજારમાં ભર બપોરે દોડધામ મચી ગઈ હતી. જેથી નજીકમાં આવેલ બેંકમાં પથ્થરો પડતા નુકશાન થયું હતું.

આ અંગેની વિગત એવી છે કે પોશીનાના મુખ્ય બજારમાં શનિવારે બપોરે ૨ વાગ્યાના સુમારે ગંછાલી ગામના લાડુભાઈ લાખાભાઈ બુંબડીયા અને ચંદ્રાણાના શકરાભાઈ રત્નાભાઈ ગમાર, હરિભાઈ દીતાભાઈ વચ્ચે સામાજિક લેવડ-દેવડ બાબતે ઝઘડો થયો હતો. જેના કારણે ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યાર બાદ ગંછાલી ગામના ચંદુ લાડુ બુંબડીયા, લાડુ લાખા બુંબડીયા અને કાળુ લાખા બુંબડીયા વચ્ચે પડતાં બન્ને જૂથો વચ્ચે એકદમ પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. જેના કારણે પોશીનાના મુખ્ય બજારમાં દોડધામ મચી ગઈ હતી અને કેટલીક દુકાનો પણ ટપોટપ બંધ થઈ જવા પામી હતી.

બીજી તરફ પોશીનાના ભર બજારમાં પથ્થરમારો થતાં પોશીનાના પી.એસ.આઈ. એ.વી. ચૌધરી અને સ્ટાફ તાબડતોબ દોડી આવ્યો હતો અને દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો હતો. ત્યાર બાદ પોલીસે લાડુભાઈ લાખાભાઈ બુંબડીયાએ શકરાભાઈ રત્નાભાઈ ગમાર અને હરિભાઈ દીતાભાઈ ગમાર (બંને રહે. ચંદ્રાણા, કથારીયા ફળી) વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તો સામે પક્ષે શકરાભાઈ રત્નાભાઈ ગમારે પણ ગંછાલી ગામના ચંદુ લાડુ બુંબડીયા, લાડુ લાખા બુંબડીયા અને કાળુ લાખા બુંબડીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની ફરિયાદને આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પથ્થરમારો થતા બેંકના ફર્નિચરને નુકશાન થયું છે. પોશીનાના ભર બજારમાં શનિવારે બપોરે બે જૂથો વચ્ચે થયેલા ઝઘડા સંદર્ભે અચાનક પથ્થરમારો શરૂ થતાં કેટલાક પથ્થરો સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની પોશીના શાખાના મકાનમાં પડતા તેના કારણે બેંકના કેશ કાઉન્ટરના કાચ તથા કોમ્પ્યુટર અને પ્રિન્ટર સહિત અન્ય ચીજવસ્તુઓને નુકશાન થયું હતું જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વડાલીમાંથી ૧૦ હજારનું બાઈક ચોરાયું

વડાલીમાં રહેતા સરતાનભાઈ ફુલાભાઈ વણઝારાના બાઈક નં. જીજે.૦૯.એએ.૨૯૭૦ની ગત તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જે અંગે સરતાનભાઈએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે રૂ. ૧૦ હજારની કિંમતનું બાઈક ચોરાયાની ફરિયાદ ગુરૂવારે વડાલી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.





પૂણ્ય સ્મરણ : રાષ્ટ્રીય એકતાના પુરસ્કર્તા સરદાર સાહેબ પરત્વે ભાવવંદના વ્યક્ત કરવા શહેર જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ શિસ્તબદ્ધ રીતે સરદાર સાહેબની પ્રતિમાએ પહોંચ્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પ્રદેશ મહામંત્રી નીશિથ વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહના નેતૃત્ત્વમાં સંખ્યાબંધ કોંગ્રેસી અગ્રણીઓ ભાવવંદનામાં જોડાયા હતા.

# અમદાવાદની ચૂંટણી માટે જાહેરનામું સોમવારે જારી

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ સહિત રાજયના છ મહાનગરપાલિકાઓની ચૂંટણીનું જાહેરનામું રાજયચૂંટણીપંચ દ્વારા આગામી તા. ૨ નવેમ્બરના સોમવારે પ્રસિધ્ધ થનાર છે અને તે સાથે જ ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ જશે. ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા અંતિમ ચરણમાં પહોંચી છે અને સોમ-મંગળવારની આસપાસ ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થવાની શકયતા છે. રાજય ચૂંટણીપંચના સચિવ મહેશ જોષી જાહેરનામું પ્રસિધ્ધ કરાશે અને તે સાથે તા. ૭ નવેમ્બર સુધી ઉમેદવારો પત્રો સ્વિકારવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૯ના રોજ રાખવામાં આવી છે અને ફોર્મ પાછા ખેંચવાની અતિમ તા.૧૦ નવેમ્બર નક્કિ થઈ છે. તા.૨૨ નવેમ્બરના રોજ મતદાન થશે અને કોઈ કિસ્સામાં ફેરમતદાનની જરૂરિયાત જણાશે તો ૨૪ નવેમ્બરે પુનઃમતદાન યોજાશે. રાજકોટ, જામનગર, ભાવનગર, અમદાવાદ, વડોદરા, સુરત મહાનગરપાલિકા માટે તા. ૨૨ નવેમ્બર યોજાનારી આ ચૂંટણીની મત ગણતરી તા. ૨૬ નવેમ્બરે થશે તેવી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે તેમાં ફેરફાર થશે. દરમિયાન રાજય ચૂંટણી આયોગ દ્વારા ગત તા. ૨૩ ઓકટોબરના રોજ ૬ મહાનગરપાલિકાની ચૂંટણીનું એલાન કરવામાં આવ્યું હતું અને તેમાં જણાવ્યા મુજબ આ ચૂંટણીમાં નોટા નો વિકલ્પ આપવામાં આવે. જો કે હાઈકોર્ટે આ મુદ્દે ફટકાર લગાવ્યા બાદ હવે નોટા નો વિકલ્પ પણ આપવામાં આવશે. મહાનગરપાલિકાની ચૂંટણીની મત ગણતરીની અને પંચાયતોની ચૂંટણી વચ્ચે માત્ર ત્રણ દિવસનો સમયગાળો હોવાથી પંચના આ નિર્ણયને પણ અદાવતમાં પડકારવામાં આવ્યો હતો અને સુપ્રીમ કોર્ટે બન્ને ચૂંટણીઓની મત ગણતરી એક સાથે જ રાખવા આદેશ કર્યો છે. રાજય ચૂંટણીપંચે આ બન્ને બાબતોનું સુધારેલું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેશે. મત ગણતરીની તારીખ અને નોટાના વિકલ્પ બાબતે ચૂંટણી આયોગે કરેલી જાહેરાતમાં ફેરફાર કરવો પડે તેમ હોવાથી નવુ સુધારેલુ ચૂંટણીના એલાનનું નોટીફિકેશન સાંજ સુધીમાં પ્રસિધ્ધ થવાની સંભાવના છે.

## વીએસમાં ફરી તબીબોને માર માર્યાની ઘટના બની

અમદાવાદ, તા.૩૧

અમદાવાદની વીએસ હોસ્પિટલમાં વધુ એક વખત તબીબને માર મારવાની ઘટના બની છે. જોકે આ શુક્રવારે બનેલી ઘટનામાં તબીબે તો જાણે નાટક કર્યું હોય તેવો ઘાટ સર્જાયો હતો. ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા ડોકટર મહેશ પરમાર અન્ય પેશન્ટની સારવાર કરી રહ્યા હતા. તે સમયે એક દર્દી સહીત તેના ત્રણ પરિવારજનો આવી પહોંચ્યા હતા. તેમજ તબીબના માથાના ભાગે માર માર્યો હતો.

# પટેલે વિવિધ રજવાડાઓને એક કરી દેશનું નિર્માણ કર્યું

અમદાવાદ, તા.૩૧

અખંડ ભારતના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ અને દેશને





અખંડિત રાખીને સમૃધ્ધિના શિખરે લઈ જનાર મહાન નેતા ઈન્દીરાજીની ૩૧મી પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરો આગેવાનોને પ્રતિજ્ઞા વાંચન કાર્યક્રમ અંતર્ગત સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબે વિવિધ રજવાડાઓને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. દેશને મજબુતી આપી આજે ભારત પ્રગતિશીલ દેશ તરીકે જ્યારે વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. તેના પાયામાં મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના મહાનુભાવોનું આગવું યોગદાન રહ્યું છે. કોંગ્રેસ પક્ષના કાર્યકર તરીકે આપણે સૌને ગૌરવ છે કે, કોંગ્રેસ પક્ષમાં ગુજરાત ખાતે ૨૫ વર્ષ સુધી સરદાર સાહેબે નેતૃત્વ અને માર્ગદર્શન આપ્યું હતું. માત્રને માત્ર દેશહિત માટે કામ કરી પાકિસ્તાનને સબક શીખવાડનાર ઈન્દીરાજીનું યોગદાન આપણાં સૌ માટે પથદર્શક છે. લોકલાડીલા ઈન્દીરાજીએ દેશને કૃષિ ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવા માટે હરિત ક્રાંતિ દ્વારા ભારત દેશને અન્ન ઉત્પાદન ક્ષેત્રે સક્ષમ બનાવ્યા, બેન્કોનું રાષ્ટ્રીકરણ કરી બેન્કોના દરવાજા સામાન્ય માણસ માટે ખોલી દીધા જેનો લાભ દેશના સામાન્ય નાગરિકોને મળી રહ્યો છે. પણ સત્તાના ૧૬ મહિનામાં સીમા પર બેફામ અંધાધૂમ ગોળીબાર અને જે રીતે જવાનોનું શહીદ થઈ રહ્યા છે. ત્યારે કોઈ નક્કર પગલાં ભરી રહ્યા નથી. અંખડ ભારતના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશને અંખડિત રાખીને સમૃધ્ધિના શિખરે લઈ જનાર મહાન નેતા શ્રીમતી ઈન્દીરાજીની પૂણ્યતિથીએ ઉપસ્થિત તમામ કાર્યકરો આગેવાનોને દેશના બાંધવો માટે એક કોંગ્રેસજન તરીકે ભાગલાવાદી, જાતિવાદી પરબિળોથી બચાવવા માટે પ્રતિબધ્ધતા સાથે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આજના કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા નવિનચંદ્ર રવાણી, નરેશ રાવલ, શહેર કોંગ્રેસ પ્રમુખ ચેતન રાવલ, મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષના નેતા બદરૂદ્દિન શેખ, પ્રદેશ ઉપપ્રમુખ મૌલિન વૈષ્ણવ, ધારાસભ્ય શૈલેષ પરમાર, ગ્યાસુદિન શેખ, ડૉ. હિમાંશુ પટેલ, મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલ, સેવાદળ સંગઠક મંગલસિંહ સોલંકી, સહિતના આગેવાનો, કાર્યકરો અને પદાધિકારીઓ ઉપસ્થિત હતા.

## કંપની સમાચાર

### મયૂર શૂટિંગને રેડી-ટુ-વેર મેન્સ સેગમેન્ટ ક્ષેત્રે પ્રવેશ

દેશની સૌથી જૂની ટેક્સટાઈલ ઉત્પાદક તથા રૂ. ૭,૦૦૦ કરોડના એલએનજે ભિલવારા ગ્રુપનો ભાગ રાજસ્થાન સ્પિનિગ એન્ડ વીવિંગ મિલ્સા આરએસડબલ્યુએમ (www.rswm.in)એ ગુરૂવારે ફેબ્રિકની નવી શ્રેણી ઉપરાંત બે વર્ષમાં વેચાણ બમણું કરવા અંગેની યોજના મયૂર મિશન 2x ની જાહેરાત કરી હતી. આ ઉપરાંત કંપની તેના પ્રીમયમ સુટિંગ્સ અને શર્ટિંગ્સના માધ્યમથી અત્યંત સ્પર્ધાત્મક એવા રેડી ટુ વેર મેન્સ સેગમેન્ટમાં પણ પ્રવેશ કરશે. હાલમાં મયૂર બ્રાન્ડ્સનું વેચાણ રૂ. ૧૧૦ કરોડનું છે.

આ પ્રસંગે આરએસડબલ્યુએમના મેનેજિંગ ડિરેક્ટર રિજુ ઝૂનઝૂનવાલાએ જણાવ્યું હતું કે આ નવી આક્રમક રિટેલ યોજના દ્વારા કંપની મયૂરને દરેક ગ્રાહકની પ્રથમ પસંદ તથા નવા ભારતીય વર્ગની ગમતી બ્રાન્ડ બનવાનો ધ્યેય ધરાવે છે. અમે વિવિધ પ્રકારના યાર્ન્સ તથા ફાયબર્સ પર કામ કરવા ઉપરાંત અન્ય પ્રોડક્ટ કેટેગરીમાં પ્રવર્તમાન કન્સેપ્ટનો અભ્યાસ કરી તેમને ફોર્મલ વેર કેટેગરીમાં અમલી બનાવવાની દિશામાં કામ કરી રહ્યાં છીએ. સેરોના, ડ્યુઅલ એફએક્સ નવા પ્રકારના યાર્ન્સ છે જે ફોર્મલ વેરની ટ્રેચની લાક્ષણિકતાની વધતી માંગને વિકસાવવામાં મદદરૂપ બની શકે તેમ છે.

### રિઝવાન આડતિયા ફાઉન્ડેશન ભારતમાં સેવાની સુવાસ પ્રસરાવશે

આફ્રિકાના મોઝામ્બિક દેશમાં બિઝનેસના ઊંચા શિખર સર કરી દેશનું નામ રોશન કરનારા ગુજરાતી બિઝનેશમેન રિઝવાન આડતિયા ભારતમાં સેવાની સુવાસ પ્રસરાવવા મિશન ૨૦૧૫-૩૦ લઈને આવ્યા છે. શ્રી રિઝવાન આડતિયાનું લક્ષ્ય મિશન-૨૦૧૫-૩૦ દ્વારા ભારતમાં ગરીબ લોકોને સારો ખોરાક, શિક્ષણ, તબિબિ સેવા અને રોજગારીની તકો પુરી પાડી તેમની વ્યક્તિગત અને સામાજીક પ્રગતિ સાંધવામાં મદદરૂપ થવાનું છે.

શ્રી રિઝવાન આડતિયાએ પણ ગુજરાતમાં પણ વિવિધ સેવાયજ્ઞનું યોજનાઓ હાથ ધરી છે. તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લઈને આવેલા શ્રી આડતિયાએ જૂનાગઢ જિલ્લામાં આવેલા માળિયા-હાટિના ગામને દત્તક લીધું છે. જેમાં તમામ સ્તરના જીવનધોરણ ઊંચુ લાવતી સુવિધાઓ પ્રસ્થાપિત કરવામાં આવશે.

ગુજરાતના પોરબંદરમાં રિઝવાન આડતિયા ફાઉન્ડેશન દ્વારા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળનાં સહયોગમાં સેકન્ડરી અને સિનિયર સેકન્ડરી સ્તરે વિદ્યાર્થીનીઓમાં શિક્ષણનું સ્તર અને વિદ્યાર્થીનીઓ શાળાનું શિક્ષણ પૂર્ણ કરે તે માટે અસરકારક પ્રોત્સાહન આપવાનો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ત્રણ વર્ષના ગાળામાં ૪૦૦ વિદ્યાર્થીનીઓને આવરી લેવામાં આવશે.

## પેટ્રોલમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ દિલ્હીમાં ભાવ ઘટીને ૬૧.૨૦ થયો હતો. ડીઝલની કિંમતમાં આજે કોઈ ફેરફાર કરાયો નહતો. ડીઝલની કિંમતમાં બે વખત વધારો થઈ ચુક્યો છે જેમાં ૧૬મી ઓક્ટોબરના દિવસે ૯૫ પૈસા અને પહેલી ઓક્ટોબરના દિવસે ૫૦ પૈસાનો વધારો કરાયો હતો. આઈઓસી દ્વારા નિવેદનમાં જણાવાયું છે કે, ઈન્ટરનેશનલ પ્રોડક્ટ પ્રાઈઝની વર્તમાન સપાટી અને રૂપિયા-ડોલરના એક્સચેન્જ રેટના આધાર ઉપર આ ફેરફાર કરાયા છે. પહેલી સપ્ટેમ્બરના દિવસે ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૫૦ પૈસાનો ઘટાડો કરાયો હતો. ૧૬મી સપ્ટેમ્બરના દિવસે તેમાં કોઈ જ સુધારો કરાયો નહતો. પેટ્રોલમાં લીટર દીઠ ૯૮ પૈસાનો વધારો કરાયો હતો. જ્યારે ડીઝલના રેટમાં કોઈ ફેરફારની સ્થિતિ જોવા મળી નહતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈઓસી, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા અગાઉના પખવાડીયામાં રૂપિયા-ડોલર એક્સચેન્જ રેટ અને સરેરાશ આયાતી ખર્ચના આધાર ઉપર દર મહિને પ્રથમ અને ૧૬મી તારીખે પેટ્રોલ અને ડીઝલની કિંમતની સમીક્ષા કરવામાં આવે છે. આના આધાર ઉપર કિંમતો નક્કી કરવામાં આવે છે.

## પ્રતિકૃતિનું અનાવરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય, દેશદાઝ, સત્યના માર્ગે ચાલવાની તથા અન્યાય સામે ન ઝૂકવાની પ્રેરણા પ્રાપ્ત થાય તેવા સહિયારા પ્રયાસોની પણ અપેક્ષા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સરદાર સરોવર બંધના નિર્માણ સ્થળે આકાર લઈ રહેલો સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ સરદાર સાહેબની વિશ્વની વિરાટત્તમ પ્રતિમા સાથે દેશ અને દુનિયાને એકતાનો સંદેશ આપનારો બનવાનો છે તેની વિશદ્ ભૂમિકા આપી હતી.

ગાંધીનગરમાં આજે સ્થપાયેલી સરદાર પ્રતિમા એ જ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ રૂપ છે એમ તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે જાહેર કર્યું હતું. તેમણે સરદાર સાહેબ વિષયક કૃતિઓ પ્રસ્તુત કરનારા બાળકોને સન્માનિત કર્યા હતા.

રાજયમંત્રીમંડળના મંત્રીશ્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ-પદાધિકારીઓ અને નગરજનો આ પ્રસંગના સાક્ષી બન્યા હતા. પાટનગરની વિવિધ શાળાના બાળકોએ સરદાર પટેલના જીવન-કવન વિષયક નાટ્ય અને અન્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી હતી.

મુખ્ય સચિવ શ્રી જી.આર. અલોરિયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી તહેત સરદાર પટેલ પ્રતિમાની વિશેષતાઓ સાથે એકતા ટ્રસ્ટના કાર્ય આયોજનની વિગતો આપી હતી.

ટ્રસ્ટના સભ્ય સચિવ અને મહેસુલ વિભાગના અગ્ર સચિવ શ્રી કે. શ્રીનિવાસે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## યાદી બે તબક્કામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા પંચાયતના ઉમેદવારોની પસંદગી અને ચૂંટણી ચિત્ર આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. જો કે હાલ તો ઉમેદવારોની પસંદગી માટે બન્ને પક્ષોની કવાયત ચાલી રહી છે અને મોવડીમંડળ દ્વારા તેને લીલી ઝંડી મળ્યા બાદ તેની વિધિવત જાહેરાત થશે તેમ જાણવા મળેલ છે.

બન્ને પક્ષો દ્વારા ૨જી પછી જ પ્રદેશ નેતાગીરી દ્વારા જિલ્લા પસંદગી સમિતિનો રિપોર્ટ ચર્ચામાં લેવાશે તે પણ સ્પટ થઈ ચુક્યું છે.

## કંડક્ટરોની ઘટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે પરિક્ષા લેવામાં આવી હતી. જયારે આ ભરતીના અંતે કંડકટરોની પસંદગી પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી હતી. જયારે આ અન્વયે ગાંધીનગર ડેપોમાં પણ કંડકટરની ઘટનો પ્રશ્ન નિવારવા નિમણુંક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના અંતે ડેપોને પણ કંડકટર ફાળવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે પસંદગી પ્રક્રીયાના અંતે પણ હજુ સુધી ડેપોમાં કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થયો નથી. જો કે આગામી સમયમાં ટુંકમાં જ કંડકટરોની ભરતી થઈ જશે. અલબત્ત પસંદગી મુજબ નિમણુંક આપી દેવામાં આવશે. જેના પરિણામે કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થશે.

## મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાન માટે ૧૪૧૩૯ મતદાન મથકો છે. જે પૈકી અનેક મતદાન મથકો સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તમામ બુથ પર કેન્દ્રિય દળના જવાન રહેશે. લાઈવ વેબકાસ્ટિંગ પણ મતદાન મથકો ખાતે કરવામાં આવનાર છે. ચોથા તબક્કામાં જે ઉમેદવારોના ભાવિ નક્કી કરવામાં આવનાર છે તેમાં મુખ્યપ્રધાન નિતીશ કુમાર, પ્રધાન રામાઈ રામ, રન્જુ ગીતા અને મનોજ કુશવાહનો સમાવેશ થાય છે. ચૂંટણીમાં મોટી સંખ્યામાં માઈક્રો ઓબ્ઝર્વર ગોઠવી દેવામાં આવનાર છે. મતદાનને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ તૈયારી કરવામાં આવી છે. ચોથા તબક્કાની ચુંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચુંટણીને ધ્યાનમાં લઈને માઈક્રો ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા છે.

## વિમાન દુર્ઘટનાગ્રસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાટમાળમાંથી પાંચ બાળકોના મૃતદેહ પણ કાઢવામાં આવ્યા છે. વિમાનમાં મોટાભાગના રશિયન પ્રવાસીઓ હતા. યાત્રીઓમાં ૧૭ બાળકો પણ હતા. વિમાનમાં મુસાફરી કરી રહેલા તમામ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. કારણકે સિનાઈના પહાડી વિસ્તારમાં કાટમાળ મળી આવ્યો છે. વિમાન સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવાઈ ગયું છે. જેથી કોઈના બચી જવાની શક્યતા નથી.

બીજીબાજુ ઈજિપ્તની સુરક્ષા સંસ્થાઓએ વિમાન ઉપર કોઈપણ પ્રકારનો હુમલો થયો હોવાના અહેવાલને રદીયો આપ્યો છે. જોકે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવા માટેના કારણોને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. ઉડ્ડયન ક્ષેત્રના અધિકારીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે ટેકનીકલ ખામીના કારણે આ બનાવ બન્યો હતો. ઈજિપ્તીયન ઉડ્ડયન અધિકારીઓનું કહેવું છે કે રશિયન એરલાઈન્સના પાયલોટે દુર્ઘટના થતાં પહેલાં વિમાનમાં ટેકનીકલ ખામી સર્જાઈ હોવાની વાત કરી હતી. એર ટ્રાફિક કન્ટ્રોલર સાથે સંપર્ક તુટી જતા પહેલા ટેકનીકલ ખામીની વાત કરવામા આવી હતી. એવીએશન ઈન્સીડેન્ટ કમિટીના સભ્યનું કહેવું છે કે પાયલોટે નજીકના વિમાની મથકે ઉતરાણ કરવાની તેના ઈરાદાની વાત પણ કરી હતી. મેટ્રો જેટ વિમાને લોકપ્રિય રેડ સી ટુરિસ્ટ સ્થળ શર્મ-અલ-શેખથી બપોરે ઉડાણ ભરી હતી. આ વિમાન સેન્ટપિટર્સબર્ગ તરફ જઈ રહ્યું હતું. તેમાં ૨૧૭ યાત્રીઓ અને સાત ક્રૂ મેમ્બર્સ હતા. પ્લેન ટ્રેકિંગ વેબસાઈટે માહિતી આપતા કહ્યું છે કે ઉડાણ ભર્યાના ૨૩ મિનિટ બાદ આ વિમાન રડાર પરથી લાપતા થઈ ગયું હતું. ઈજિપ્ત સરકારે કહ્યું છે કે કાટમાળ મળી આવ્યો છે. લશ્કરી વિમાને કાટમાળ શોધી કાઢ્યો હતો. ૪૫થી વધુ એમ્બુલેન્સ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી.


## વેચવાનો છે

બંગલો વેચવાનો છે. ૨૨૫ વાર પ્લોટ - ૨૬૫ વાર બાંધકામ, પ્રમુખ પાર્ક, વિભાગ-૨, પંડિત દિનદયાલ રોડ, રાયસણ, ગાંધીનગર

મો. : ૯૮૨૫૦ ૯૦૮૯૦



## જાહેર ચેતવણી

અમો હસમુખભાઈ વાડીલાલ થોભ રહેવાસી સેક્ટર-૮, પ્લોટ નં. ૩૧૨/૨, મંગલમૂર્તિ પાર્ક સોસાયટી, ગાંધીનગરના આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે અમો ઉપરોક્ત સરનામે હાલ રહીએ છીએ અને તે સરનામાવાળી અમારી પોતાની અમારા નામે અમારી સંપૂર્ણ માલિકીનું મકાન / મિલકત ધરાવીએ છીએ. અમારી મિલકતની અસલ સનદ શરત ચૂકથી ગુમ થયેલ હોઈ તે સનદ કોઈપણ વ્યક્તિને મળે તો અમોને ઉપરોક્ત સરનામે પરત કરવા નમ્ર વિનંતી. આમ છતાં પણ જો આ સનદ કોઈપણ વ્યક્તિ શખ્સ, પેઢી, કંપની અથવા અન્ય કોઈપણ ધંધાકીય એકમ ધરાવતા માલિકના હાથમાં આવેલ હોય અને જો તેનો કોઈપણ ગેરઉપયોગ કરેલ હોય, ગીતો ખત કરેલ હોય અથવા અન્ય કોઈપણ નાણાંકીય વ્યવહાર કરેલ હશે તો તે સંપૂર્ણ ગેરકાયદેસર ગણાશે અને રદબાતલ ગણાશે તથા ભવિષ્યમાં પણ કોઈ ગેરકાયદેસર વ્યવહાર કરવો નહિ.

ઉપરોક્ત ગેરકાયદેસર કામો રદ કરવા માટે અમારો જે કોઈ ખર્ચ થશે તે અંગેની સંપૂર્ણ જવાબદારી જવાબદાર વ્યક્તિ, પેઢીની રહેશે. તેમજ છેતરપીંડી બદલ ફોરદારી ગુનો ગણાશે તેની ગંભીર નોંધ લેવી.

સહી/-

**લિ. હસમુખ વાડીલાલ થોભ**

પ્લોટ નં. ૩૧૨/૨, સેક્ટર-૮બી, ગાંધીનગર